સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ઓક્સીજન અછતે ભાવુકતાની જરૂર હતી!
મૃતકોની સંખ્યાથી ભાવુકતાની જરૂર હતી!
ગંગાના શબો જોઈને ભાવુકતાની જરૂર હતી!
પ્રયારી પ્રપંચમાં ભાવુકતાની જરૂર હતી!
('કોરોના' દેહો ખાઈ મગર પણ છે દુ:ખી)

હાઈકુ

'ખેલો ઈન્ડિયા'
અહીં વર્ષોથી કેન્દ્ર -
- તો, ચાલુ જ છે!!
('રમત' નું કેન્દ્ર)

જૂઠ ઢાંકવા
જૂઠાણાં ની ચાદર
ઢાંકવી પડે !!
(ઈમેજનો બચાવ)

ચિંતન

સંવૃત્યા જાયતે સર્વં શાશ્વતં નાસ્તિ તેન વૈ ।
સદ્ભાવેન હ્યજં સર્વયુચ્છેદસ્તેન નાસ્તિ વૈ ॥

ઉપરોક્ત શ્લોક શ્રી વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

બધું જ જે ઉત્પન્ન થયું લાગે છે તે વ્યાવહારિક દૃષ્ટિથી ઉત્પન્ન થાય છે, તેથી ખરેખર જે નિત્ય નથી. પરમાર્થ દૃષ્ટિથી તો બધું જ અજન્મા છે, તેથી કશાનો ખરેખર નાશ છે જ નહીં.

સંવૃત્તિ એટલે અવિદ્યા વિષયક લૌકિક વ્યવહાર, અવિદ્યાને કારણે ઊભાં થતાં ભ્રામક દૃશ્યો, ભ્રામક પદાર્થોની કોઈ વાસ્તવિક સત્તા નથી. વૈવિધ્ય અને વૈચિત્ર્ય ધરાવતી સૃષ્ટિ પરમાર્થ દૃષ્ટિએ મિથ્યા છે. અને માત્ર અજન્મા એવું આત્મ તત્ત્વ જ કેવળ છે. આથી જ્યારે ઉત્પત્તિ કે જન્મ ન જ હોય, ત્યાં વિનાશની વાત કરવાનો કશો અર્થ નથી. જ્યાં કશું જન્મતું નથી. કે વિનાશ પામતું નથી. ત્યાં કારણ કાર્યભાવની શક્યતા જ નથી. ત્યાં જન્મમૃત્યુના ચક્રવાને સ્થાન નથી કેમ કે પરમાર્થતા કેવળ પરમ ચૈતન્ય કે શુધ્ધ સંવિત્ સ્વરુપ જ બધું છે. જેના જન્મનો જ અભાવ છે તેના નાશનો પણ અભાવ જ છે, એવું સમજવું રહ્યું.

સુવિચાર

- જે અસહાય મનુષ્ય પર દયા કરતા નથી,
  તેમણે શક્તિશાળીઓના અત્યાચાર સહન કરવા પડે છે - **શેખ સાદી**
- ત્યાગ વિના સાચો આનંદ મળી શકતો નથી,
  ત્યાગ વિના ન તો ઈશ્વર કૃપા થાય છે કે ન તો પ્રાર્થના - **સ્વામી રામતીર્થ**
- રહેજે શાંતિ-સંતોષે સદાય નિર્મળ ચિત્તે, દિલે જે દુ:ખ કે આનંદ, કોઈને નહિ કહેજે - **મુકેશ જોષી**
- અહંકાર મેં તીન ગયે, ધન, વૈભવ ને વંશ, ન માનો તો દેખો રાવણ, કૌરવ, કંસ - **જીવન પાથેય**
- મૂર્ખનાં વખાણ કરતાં બુદ્ધિશાળીનો ઠપકો સારો - **બોધિવૃક્ષ**
- મૂર્ખાઓ શાણા લોકો પાસેથી શીખે છે
  તેના કરતાં વધારે શાણાઓ મૂર્ખ પાસેથી શીખતા હોય છે - **સંત ઓગસ્ટિન**
- આજનું ઔષધ : નાની વાટકી સન ફલાવરના તેલમાં એક ચમચી ખાંડ મેળવી શરીર પર મસાજ કરી પછી નાહવાથી રુધિરાભિશરણ સુધરે છે અને તાજગી અનુભવાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

દસ અંધજન નદી પાર કરીને સામે કિનારે પહોંચ્યા. એકે સલાહ આપી કે આપણામાંથી કોઈ ડૂબી તો નથી ગયું ને. એ ખાતરી કરવા ગણતરી કરી લઈએ. એક અંધજને ગણતરી કરી તો 'નવ' પર ગણતરી અટકી જતી લાગી. વારંવાર પ્રયાસ કર્યો પણ પરિણામ 'નવ' આવ્યું. પેલા અંધજનો પોકમૂકીને રોઈ રહ્યાં હતા. પેલા અંધજને આ માણસને ડૂબી ગયેલા સાથીને શોધી આપવા વિનંતી કરી. માણસે કહ્યું. 'મારે ગણતરી ફરી વાર કરવી પડશે. હું ક્રમવાર પહેલી વ્યક્તિને થપ્પડ મારીશ. ત્યારે એણે જોરથી બોલવાનું 'એક', બીજાને બે થપ્પડ, ત્રીજાને ત્રણ થપ્પડ એમ દરેકે પોતાને પડેલી થપ્પડની સંખ્યા જોરથી બોલવી પડશે.' અંધજનો પેલા માણસની શરત સાંભળી રાજી થઈ ગયા. કારણ કે એમનો દસમો સાથી મળી ગયો હતો. પેલાએ થપ્પડ મારી... ગણતરી પૂરી થઈ. અંધજનોને પણ સાથી મળી ગયાની ખુશી થઈ. એમણે પેલા માણસનો આભાર માન્યો અને પૂછ્યું, 'ભાઈ, તમે અમારા માટે ભગવાન છો. પણ કૃપા કરીને એટલું જણાવો કે અમારા સાથીને આપ શોધ્યો કેવી રીતે ?'

માણસે જવાબ આપ્યો, 'આ એક પુરાતન રહસ્ય છે, જે તમને નહીં સમજાય. તમે તમારા રસ્તે આગળ વધો.'

પુરાતન રહસ્ય એટલે 'સ્વ' ને જ ભૂલી જવું !! સ્વને ઓળખ્યા વગર આખું જીવન જીવી જવાય છે. દરેક વ્યક્તિ અન્યના બારામાં બધું જ જાણે છે પણ... ખુદ પોતાને જ ભૂલી જાય છે.

ઉપાય છે 'ધ્યાન' ધ્યાન એ વિધિ છે કે જેમાં તમે 'સ્વ' થી ગણતરી કરી શકો છો 'એક.'

કોરોના જ આગામી ચૂંટણીઓનો કેન્દ્રવર્તી મુદ્દો બની રહેશે

તંત્રીસ્થાનેથી...

બુદ્ધપૂર્ણિમાના ચંદ્રોદય સાથો કોરોના સંક્રમણનાં ઓસરતાં પાણી નિહાળી વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રુપાણી અને કાર્યવાહીનો ભાર લઈ ફરતા સનદી અધિકારીઓ જરૂર થોડી શાતા અનુભવતા હશે. હજુ ત્રીજી લહેર આવવાની છે એવી ધાક જરૂર હવામાં છે અને એ લહેર દરમિયાન બાળકો બીમાર પડી શકે છે - એવો ડર પણ વ્યાપક પ્રમાણમાં ફેલાયેલો છે. રસીકરણ મુદ્દે કેન્દ્ર સરકાર પણ ખુદ સરકારી આયોગના તજજ્ઞો જ અસંતોષ દાખવી રહ્યા છે. જ્યારે વિશ્વના અન્ય દેશોએ શક્ય એટલી વધુ વેક્સીનનો જથ્થો અંકે કરી લીધો ત્યારે આપણી સરકાર હજી 'ટ્રાયલ મોડ'ની લક્ષ્મણ રેખાઓમાં અટવાયેલી છે. વળી ભારતીય વેક્સીનની વિદેશોમાં છુટ્ટા હાથે લહાણી કરીને વડાપ્રધાન જશ ખાટવા ગયા તે બાબત હવે એમની સામે બૂમરેંગ બની રહી છે. સરકાર એની ભૂલોની પરંપરાને છાવરવા બીજીવારના રસીકરણ વચ્ચેના અંતરમાં વારંવાર ફેરફાર કરતી રહી છે. તે બાબત તો સામાન્ય માણસ પણ સમજી શકે છે. લોકોને હંમેશને માટે મૂર્ખ બનાવી શકાતા નથી. ચાઈનીઝ કોરોના સંકટને હેન્ડલ કરવામાં મોદી સરકાર મહદંશે નિષ્ફળ રહી હોવા છતાં હજી દેશની જનસંખ્યાના પ્રમાણમાં મૃત્યુનો આંખ અન્ય દેશોની સરખામણીએ ઓછો હોવાનું ગાણું ગવાતું રહે છે. મૃત્યુનો સાચો આંકડો કેન્દ્ર કે રાજય સરકારો જાહેર નથી કરતી એ પ્રજા સાથેની ખુલ્લી છેતરપિંડી છે. બિહારના માજી મુખ્યમંત્રી જીતનરામ માંઝીએ વડાપ્રધાનના તસ્વીર શોખને બહુ સ્પષ્ટ અને તીખી ભાષામાં પડકાર્યો છે. રસીકરણના પ્રમાણપત્ર પર વડાપ્રધાનનો ફોટો છપાતો હોય તો પછી મૃત્યુના પ્રમાણપત્ર પર પણ છપાવો જોઈએ, એમ કહી એમણે જનતા જનાર્દનના ભારેલા અગ્નિ જેવા ગુસ્સાને જ વાચા આપી છે. માંઝી બિહારના અતિ પછાત જાતિ - મૂસહર જાતિનું પ્રતિનિધિત્વ કરે છે. મતલબ વડાપ્રધાન સામે હવે કહેવાતી પછાત જાતિઓમાં પણ અસંતોષનો ચરુ ઊકળી રહ્યો છે. ગંગાને શબવાહિની બનાવી દેવારી ઉત્તરપ્રદેશની કે કેન્દ્રની સરકાર માટે ૨૦૨૧માં આવનારી ઉત્તરપ્રદેશની વિધાનસભાની વૈતરણી તરવાનું મુશ્કેલ બની રહેવાનું છે. યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી તરીકે નિષ્ફળ સાબિત થયા છે એવું ઢોંગી લેફ્ટ લિબરલ મીડિયા કહ્યા કરે છે. ભગવા વસ્ત્રો પહેરી ફક્ત ફૈઝાબાદનું નામકરણ અયોધ્યા કરી દેવાથી કે અલ્હાબાદને પ્રયાગરાજ બનાવી દેવાથી જનમાનસમાં સરજાયેલ આક્રોશને ઠંડો નહીં પાડી શકાય. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આ મુદ્દે વધુ ચિંતિત છે, કારણ કે ઉત્તરપ્રદેશમાંથી ભાજપ ઊખડી જાય તો ૨૦૨૪માં કેન્દ્રમાં પણ ભાજપના પુનરાગમનની શક્યતા નહીંવત જ રહેશે. આથી ડેમેજ કંટ્રોલની કવાયત શરૂ કરાઈ છે અને અનાથ બનેલાં બાળકો માટે વડાપ્રધાનના પદગ્રહણની સાતમી વરસીએ એવી કોઈ લોકલુભાવન યોજના રમતી મૂકવાનાં ચક્રો ગતિમાન થયાં છે. કોંગ્રેસના ગાંધી પરિવાર ભક્તો રાહુલને ભાવિ લોકશાહીના 'રાજા' તરીકે જુએ છે. સલમાન ખુરશીદની ખુશામતખોરીથી દેશ વાકેફ છે. પોતાનો મતવિસ્તાર સુધ્ધાં નહીં સાચવી શકનાર આ કહેવાતા સિનિયર આગેવાને ગુલામનબી આઝાદ અને કપિલ સિબ્બલ જેવા સાચાબોલા કોંગ્રેસીઓ સામે મોરચો માંડીને રાહુલ અને સોનિયાની ગુડબુકમાં અગ્રસ્થાન હાંસલ કર્યું છે. જાણીતા શાયર અને રાજયસભાના પૂર્વ નિયુક્ત સદસ્ય જાવેદ અખ્તરે એમની બરાબરની ફીરકી લીધી છે. રાહુલને વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરવા તે નરેન્દ્ર મોદીને આજીવન વડાપ્રધાન બની રહેવાની તક પૂરી પાડવાનું પગલું બની રહેશે એવા મતબલનું સ્પષ્ટ વિધાન કરીને શાયરે વર્તમાન ભારતીય રાજકારણની ઊંડી સમજણનો જ પુરાવો આપ્યો છે. રાહુલ બહુ બહુ તો સારા વિપક્ષી નેતા જ બની શકે, વડાપ્રધાન તરીકે એમને દેશની પ્રજા હરગિજ નહીં સ્વીકારે એ સત્ય ખુદ સોનિયા, પ્રિયંકા અને રાહુલ પણ સમજતાં જ હશે. આવા સંજોગોમાં ખોટી ચમચાગીરી છોડીને કોંગ્રેસે શરદ પવાર અને મમતા બેનરજી જેવા કોંગ્રેસી વિચારસરણી ધરાવતા પ્રાદેશિક નેતાઓનાં નામ આગળ રાખી પોતે નેપથ્યે રહેવું જોઈએ. કોરોના જ આગામી ચૂંટણીઓનો કેન્દ્રવર્તી મુદ્દો બની રહેશે, છતાં એ સિવાય અંગદના પગની જેમ મજબૂત જનાધાર ધરાવતા નરેન્દ્ર મોદીને ૨૦૨૪માં અપદસ્થ કરવાનું સપનું ફક્ત મુંગેરીલાલનું હસીન સપનું જ બની રહેશે.

લાગણી અને ભાવસભર વાતાવરણ જોઈ તે બધી વાત સમજી ગયા

નવાં કલેવર
નટવર હેડાઉ

ડૉ. શ્રેયા કંઈ વિચારે તે પહેલાં ઘરની બહાર વાહનનો અવાજ સંભળાયો. અત્યારે કોણ હશે? વિચાર કરતાં બારણું ખોલું બહાર જોયું તો પોલીસની જીપ ઉભી હતી. અને તેમાંથી ઊતરી ઈન્સ્પેકટર શેખર નજીક આવ્યા અને બોલ્યા. 'ડૉકટર મેમ, હોસ્પિટલમાંથી ભાગેલ કોરોનાનો દર્દી અહીં સ્ટાફ ક્વાટર્સ તરફ આવ્યો છે. તેવી માહિતી મળી છે.'

'જી, સર, સાચી વાત છે. તે અહીં જ છે. અંદર આવો. ડૉ. શ્રેયાએ ઈન્સ્પેકટર ને આવકાર્યા.'

'દર્દી તમારા ઘરમાં છે?અરે, આ તો એવું થયું કે જાણે છોકરું કાંખણાં મે આખામાં ઢંઢેરો. તમારે મન જાણ તો કરવી જોઈએ ને...' 'સર, ડ્યુટી પરથી હું પણ હમણાં ઘેર આવી ત્યારે મને જાણ થઈ. તમને જાણ કરવાનો વિચાર કરતી હતી અને તમે તો આવી જ ગયા.' ડૉ. શ્રેયાએ કહ્યું,

'પણ... તે અહીં તમારે ઘેર ક્યાંથી ?' ઈન્સ્પેકટરે ડૉકટરના ક્વાર્ટરમાં પ્રવેશ કરતાં કહ્યું. 'તે મારા પપ્પાને ઓળખતા હતા. પપ્પા બહાર હીંચકે બેસી છાપું વાંચતા હતા ત્યારે તે અહીં આવી ચડ્યા. તેમને સખત તાવ અને ખાંસી હતી. વળી થોડુંક ચાલવાથી શ્વાસ પણ ચડી ગયો હતો.' ડૉકટરે વાત સમજાવતાં કહ્યું.

'પણ તમારા પપ્પાએ એ ક્યાંથી ઓળખે. આ શખ્સ તો ટ્રક ડ્રાઈવર છે અને તે પણ ઉત્તરાચલ તરફથી આવી રહેલ ત્યારે સંક્રમણ થતાં તાવને કારણે ટ્રકને હાઈવે પર સાઈડમાં મૂકી દીધેલી. કોઈ વટેમાર્ગુ એ '૧૦૮' ને ફોન કરી બોલાવી તેને અહીં દાખલ કરેલ એવું' અમને જાણવા મળ્યું.' ઈન્સ્પેકટરે ચોખવટ કરી.

આ વાત ચાલતી હતી તે દરમિયાન ડૉ. શ્રેયાના મમ્મી શિવાની બહાર આવ્યા. 'સાહેબ તે અમારા સંબંધી છે. તેમને અમે અહીં હોમ કોરન્ટાઈન રાખી સારવાર કરીશું તો ચાલે ?'

'એ તો ડોકટરનો વિષય છે.' ડૉ. શ્રેયા તરફ જોઈ ઈન્સ્પેકટરે કહ્યું. 'સર, આ મારા પિતા સમાન છે. તમે હવે બીજે શોધખોળ ન કરશો. દર્દી મળી ગયા અંગે હું આપને લેખિતમાં જાણ કરી દઈશ.'ડૉ. શ્રેયાએ કહ્યું.

'ઓ કે, પણ મેડમ તમારા પપ્પાનો પરિચય આ વ્યક્તિને કઈ રીતે હોઈ શકે તે અંગે મને હજુ શંકા છે.' ઈન્સ્પેકટરે કહ્યું.

'સાહેબ, તે વાત હું આપને સમજાવું. આ ભાઈ મનોહર ચમૌલી ઉત્તરાખંડના વતની છે. તેમના પત્ની માલીનીની બહેન પ સુષ્મા સાથે મારો પરિચય હતો. તેમને તેમની એક દીકરી અમને આપેલી છે.'

'તો શું તેમને બીજી પણ દીકરી છે?'

આ વાત ચાલતી હતી તે દરમિયાન મનોહરે આંખો ખોલી અને સામે ઈન્સ્પેકટરને જોઈ ગભરાઈ ગયો. તે આમ તેમ જોવા લાગ્યો. કદાચ સુરેન્દ્રસિંહને તેની આંખો શોધતી હતી.

'તમારું નામ મનોહર ખરું ને?' તમારું કુટુંબ કયાં છે? ઈન્સ્પેકટરે તેની ભાષામાં પ્રશ્નો પૂછવા માંડ્યા.

'સાહેબ, જે ગણો તે મારું કુટુંબ છે. મારી પત્ની અને બે દીકરીઓ હતી. તે હવે આ દુનિયામાં નથી. મારી પત્ની માલિનીએ બે દીકરીઓ સાથે ગંગા નદીમાં પડીને આપઘાત કરી લીધેલ. તે પછી હું એકલો જ છું.' મનોહરે આંખમાં આંસુ સાથે કહ્યું.

'પણ આપઘાતનું કંઈ કારણ ?'

'મારો પુત્ર માટેનો આગ્રહ તેમજ વંશવેલો ટકાવવાનો મોહ, ત્રીજી દીકરીના જન્મ પહેલાં મેં તેને ધમકી આપેલી પણ કુદરતની પાસે કયાં કોઈનું કંઈ ચાલે છે. ત્રીજી દીકરી જન્મી જેને સુરેન્દ્રસિંહને આપી દીધી.' મનોહરે ચોખવટ કરી. 'સુરેન્દ્રસિંહ કયાં છે?'

'સર, એ ફૂટ અને દવા લેવા ગયા છે. હમણાં. આવતા જ હશે.' ડૉ. શ્રેયાએ કહ્યું. 'તો પછી ત્રીજી દીકરી?'

'તે આ ડૉ. શ્રેયા છે.' શિવાનીબહેને ચોખવટ કરી. આ સાંભળી ઈન્સ્પેકટર, અને ડૉ. શ્રેયા આશ્ચર્યમાં પડી ગયા. તો બીજી તરફ મનોહરની આંખોમાંથી ગંગા-જમના વહેવા લાગી. ડૉ. શ્રેયાનું હૈયું પણ ભરાઈ આવ્યું.

તે વખતે સુરેન્દ્રસિંહે ઘરમાં પ્રવેશ કર્યો. લાગણી અને ભાવસભર વાતાવરણ જોઈ તે બધી વાત સમજી ગયા.

ઈન્સ્પેકટરની આંખમાં પણ હર્ષના આંસુ આવી ગયા. પરિવારના મધુર મિલનની પળોમાં પોતે સાક્ષી બન્યા તેના આનંદ સાથે તેમને વિદાય લીધી.

આપણા વતી સ્નેહીજને આપેલા ભરોસાનું સન્માન કરીએ

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

(વિચરબીજ : શ્રી ગોરધન પટેલ 'કવિ' માંડવી કચ્છ)
(ગતાંકથી ચાલુ)

પ્રેમ લાલવાણી નામનાં એક મોટા બિઝનેસમેન હતા. તેમણે ફિલ્મ નિર્માણ, લેખણ અને દિગ્દર્શન ક્ષેત્રે પણ ખેડાણ કર્યું હતું. વિખ્યાત સંગીતકાર નૌશાદ અલીના (૧૯૧૯-૨૦૦૬) તેઓ ખાસ પ્રશંશક હતા. પ્રેમ લાલવાણી 'આંચલ', 'મેરી કસમ મેરા ધર્મ' અને 'બહુરાની' ફિલ્મનુ નિર્માણ કરી ચૂક્યા હતા. પોતાની એક નવી ફિલ્મ માટે તેમણે નૌશાદજીનો સંપર્ક કર્યો અને ચર્ચા કરી અને નૌશાદજીની જ લખેલી એક કથા ઉપર ફિલ્મ બનાવવાનો નિર્ણય લીધો. એ ફિલ્મમાં સ્વાભાવિક રીતે જ નૌશાદજીનું સંગીત હોય. એ ફિલ્મના દિગ્દર્શનની જવાબદારી નૌશાદજીના દીકરા રહેમાન અલીને સોંપવામાં આવી.

ફિલ્મની કથાની જરૂરિયાત પ્રમાણે નાયિકા તરીકે વિખ્યાત અભિનેત્રી મીનાક્ષી શેષાદ્રી સાથે કરાર કરવામાં આવ્યો. ફિલ્મના નાયકની ભૂમિકા માટે સૌ પ્રથમ જેકી શ્રોફ ઉપર પસંદગી ઉતારી પણ જેકીજી પાસે તારીખો ના હોવાને કારણે તેમનું નામ પડતું મૂકવામાં આવ્યું. ત્યાર પછી ઋષિ કપૂર, આમિર ખાન અને અનિલ કપૂરના નામની પણ ચર્ચા થઈ અને તેઓનો સંપર્ક પણ કર્યો પણ કોઈ ને કોઈ કારણસર વાત બની નહીં.

ત્યાર પછી નૌશાદજીને નિર્મલા દેવીનું નામ યાદ આવ્યું. નિર્મલા દેવી એટલે એક સમયનાં વિખ્યાત ભારતીય શાસ્ત્રીય સંગીત ગાયક, અભિનેત્રી અને પાર્શ્વ ગાયિકા જેમણે ફિલ્મ 'સવેરા', 'શારદા', 'કાનૂન', ગીત જેવી કેટલીક ફિલ્મોમાં પાર્શ્વગાયન કર્યું હતું અને કેટલીક ફિલ્મોમાં અભિનય પણ કર્યો હતો. નિર્મલા દેવી એટલે વિખ્યાત અભિનેતા ગોવિંદાની માતા પણ.

નૌશાદજીએ નિર્મલા દેવીને ફોન કર્યો. નિર્મલા દેવીએ નૌશાદજીને કહ્યું કે તેમનો ફોન ઉપર અવાજ સાંભળવો એ પણ પોતાનું સૌભાગ્ય છે. નૌશાદજીએ નિર્મલા દેવીને પોતાની ફિલ્મની વાત કરી અને તેમાં નાયક તરીકે તેમના પુત્ર ગોવિંદાને લેવાની ઈચ્છા દર્શાવી. નિર્મલા દેવીએ એક પળનો પણ વિચાર કર્યા વિના નૌશાદજીને એવી ખાતરી આપી કે પોતે પોતાના પુત્રને લઈને તેઓને રૂબરૂ મળશે.

એ સમયે નિર્મલા દેવીને પગની તકલીફ હતી અને ચાલી શકતા પણ ન હતા છતાં તેઓ વ્હીલચેર ના સહારે ગોવિંદાને લઈને નિશ્ચિત સમયે નૌશાદજીને ઘેર ગયા. નૌશાદજી અને રહેમાન અલીએ પોતાની ફિલ્મ વિષે બધી વાત કરી. નિર્મલા દેવીએ ગોવિંદાને આદેશ આપ્યો કે રહેમાન તારા મોટાભાઈ જેવા છે અને તારે તેમની ફિલ્મમાં કામ કરવાનું છે.

ગોવિંદા તરફથી ફિલ્મમાં કામ કરવા માટે મૂક સંમતિ મળ્યા પછી નૌશાદજીએ ફી બાબત ચર્ચા શરૂ કરી તો નિર્મલા દેવીએ વિનમ્રતાથી કહ્યું કે મોટાભાઈની ફિલ્મમાં કામ કરવાની ફી નાનોભાઈ કેવી રીતે લઈ શકે!

એ સમગ્ર મુલાકાત દરમ્યાન ગોવિંદા નતમસ્તકે ચર્ચા સાંભળી રહ્યા હતા અને પોતાની માંએ જે કોઈ કહ્યું તેમાં પોતાની મૂક સંમતિ આપતા રહ્યા. એ ફિલ્મ હતી 'તેરી પાયલ મેરે ગીત' એ સમયે ગોવિંદાની પણ દસેક ફિલ્મો ફ્લોર ઉપર હતી અને તેઓ તેના શૂટિંગમાં ખૂબ જ વ્યસ્ત હતા. આમ છતાં પોતાની માંના નૌશાદજી સાથેના સંબંધોને સાચવવા અને પોતાની માંનું સન્માન જાળવવા તેમણે માંના આદેશને માથા ઉપર ચડાવ્યો. પોતાની માંએ પોતાના ઉપર જે વિશ્વાસ રાખ્યો હતો એ વિશ્વાસને ગોવિંદાએ સાર્થક કર્યો. ગોવિંદાનો પોતાની માં પ્રત્યેનો આદર અને સન્માન જોઈને નૌશાદજીની આંખો ભરાઈ ગઈ.

ગાંફનાં દરબારનો પ્રસંગ આશરે ત્રણસો વર્ષ પહેલા બનેલો પ્રસંગ હતો અને નિર્માલાદેવીનો ત્રીસેક વર્ષ પહેલા બનેલો પ્રસંગ છે. દરબારનો પ્રસંગ એક રજવાડા અને તેની રૈયતનાં સંબંધને ઉજાગર કરતો પ્રસંગ છે અને નિર્માલદેવીનો પ્રસંગ માતા અને પુત્રનાં સંબંધનો છે. ગાંફના દરબારે પોતાની રૈયતે આપેલા વચનને નિભાવ્યું અને ગોવિંદાએ પોતાની માતાએ આપેલી ખાતરીનું પાલન કર્યું. પેલા ચામડું વેચનાર રૈયતે પોતાના દરબારની આબરૂ બચાવવા માટે તેના વતી મામેરું કર્યું હતું અને નિર્માલાદેવીએ નૌષાદજી સાથેનાં પોતાના સંબંધોના નાતે પોતાના પુત્ર ગોવિંદા વતી ખાતરી આપી હતી. આમ સમયે સમયે, વિવિધ સંજોગોમાં અને વિવિધ પ્રકારના સંબંધોમાં વ્યક્તિ સંબંધોને જાળવવા માટે પોતાના વતી કોઈએ આપેલા વચનોને પાળતાં હોય છે.

પરિસ્થિતિ કોઈપણ પ્રકારની હોય, આપના ભરોસે આપના સ્નેહીએ કોઈને ખાતરી આપી દીધી હોય ત્યારે આપણી ફરજ બની જતી હોય છે કે આપણાં સ્નેહીજને આપણાં ભરોસે આપેલા વચનનું આપણે પાલન કરીએ. આવું કરવામાં ક્યારેક આપણને કેટલીક મૂશ્કેલીઓ પણ નડતી હોય છે, આપણને ક્યારેક થોડું નુકશાન પણ ભોગવવું પડતું હોય છે અને આપણે થોડુંઘણું સમાધાન પણ કરવું પડતું હોય છે. ગાંફનાં દરબારને અને ગોવિંદાને પણ કદાચ આવું બધુ કરવું પડ્યું હશે આમ છતાં તેઓએ તેમના વચનને ઉથાપ્યા નહીં અને હકારાત્મક વલણ જ અપનાવ્યું. ગાંફના દરબાર ઉપર ભરોસો રાખીને ચામડું વેચનારે અને પુત્ર ગોવિંદા ઉપર ભરાઓસો રાખીને તેની માંએ નૌશાદજીને ખાતરી આપી હતી એ તેઓએ તોડ્યો નહીં, બલ્કે તેમનું બા-અદબ સન્માન કર્યું.

આપણાં વતી આપણાં સ્નેહી સંબંધીએ કોઈ અન્ય વ્યક્તિને કેટલીક ખાતરી કે વચનનું જો આપણે સન્માન ના કરીએ તો આપણાં સ્નેહીએ ખૂબ જ કફોડી પરિસ્થિતિમાં મૂકવું પડતું હોય છે. તેને કારણે આપણાં સ્નેહીના એ વ્યક્તિ સાથેના સંબંધો તો ખરાબ થાય છે સાથેસાથે એ બંને વ્યક્તિ સાથેના આપણાં સંબંધોને પણ નુકશાન પહોંચતું હોય છે. ક્યારેક સંબંધોનું એ નુકશાન એટલું મોટું હોય છે કે જે જીવનભર ભરપાઈ થઈ શકતું નથી.

આપણાં વ્યક્તિગત સંબંધોમાં ખાસ કરીને જ્યારે આપણાં અંગત કુટુંબીજનો અને વડીલોએ આપણાં વતી કોઈને ભરોસો આપ્યો હોય ત્યારે તેમણે આપેલો ભરોસો કાયમ રાખવો એ આપણી ખાસ ફરજ બની જતી હોય છે. એજ આપણાં સંસ્કારો છે અને આપણાં જીવનના મૂલ્યો છે.

ચાલો આપણે સૌ આપણાં એ જીવનમૂલ્યોનું જતન કરીએ અને સાથે સાથે આપણાં સ્નેહીજને આપણાં વતી આપેલા ભરોસાનું પણ સન્માન કરીએ.

કોરોનાનો ઉપરવાસ અને આસોપાલવનો સહવાસ

મનના ઉમંગો
રણછોડ પરમાર

તા- ૩/૫/૨૦૨૧ના રોજ મને ભારે કફ થયો હોવાથી અને શરીરમાં સહેજ તાવ લાગતો હોવાથી હું કોરોનાનોટેસ્ટ કરાવવા ગયો ભારે નવાઈ વચ્ચે ભાઈ મને તો કોરોના પોઝીટીવ આવ્યો. ત્યાંથી સીધો પગરવ હોસ્પીટલે જઈ દવા લઈ આવ્યો. ડોક્ટરે જથ્થાબંધ દવાઓ સાથે ઘરમાં આઈસોલેટેડ થઈ જવાની સલાહ આપી. હું ઘેર આવી ઉપરના માળે આઈસોલેટ થયો. આમ મારો ઉપરવાસ શરુ થયો.

જ્યારથી હું ઘરના સભ્યોથી આઈસોલેટ થયો છું, ત્યારથી અમારા ઘરના એક અન્ય સભ્ય આસોપાલવ સાથે મારો સહવાસ વધી ગયો છે. આમ તો આસોપાલવ અમારા ઘરનો સભ્ય નથી એમ તો કેવી રીતે કહેવાય ? અમે ગાંધીનગર રહેવા આવ્યા ત્યારે અમારા ચોકીદાર રઘુનાથ ભરવાડે વનવિભાગમાંથી વહેંચવા આવેલા વૃક્ષોમાંથી ચાર વૃક્ષ અમારા કમ્પાઉંડમાં રોપેલા. એણે એની સદબુધ્ધિ પ્રમાણે રોપેલા. અમે એમાં કોઈ માર્ગદર્શન આપેલું નહીં. તે સમયે એની વ્યવસ્થા મને ગમી નહોતી પણ આજે આસોપાલવને જે સ્થળે રોપેલો એ એની દીઘર્દ્રષ્ટિનું ઉત્તમ પરિણામ છે.

એ સમયે એણે ચાર છોડ રોપેલા, દાડમડી, સીતાફળ, પારિજાત અને આ આસોપાલવ. તેમાંથી સૌથી પહેલી દાડમડી ગઈ. એ અમને કોઈ ફળફૂલ આપી શકી નહીં. એ પછી ગયું પારિજાત. એણે અમને અસંખ્ય ફૂલો આપ્યાં છે. પારિજાત વિશે મેં એક લેખ લખેલો છે. જે અમારા મિત્ર શ્રી મનોજભાઈ શ્રોફને બેહદ ગમેલો. હું હદ બહાર અકળાઈ જાઉં એટલા બધા વખાણ એમણે એ લેખના કરેલા. સીતાફળી તો બેત્રણ હતી. એમણે પણ અમને મધમીઠાં ફળ ચખાડ્યાં છે. બહુ ઝાડવા ભેગા થતાં હોવાથી મેં જ સીતાફળીઓ તો એક પછી એક કાઢી નાખેલી.

હવે બાકી રહેલો આસોપાલવ અમારી ગાંધીનગરના વસવાટનો પૂરેપૂરો સાક્ષી છે. નાનો હતો ત્યારથી જ મને આસોપાલવ ગમતો. અમે હનુમાન કેમ્પ જતા ત્યારે ત્યાં હારબંધ ઉછેરેલા આસોપાલવ જોવાનું બહુ ગમતું. તેમાંના ઘણા આસોપાલવ નીચે અમે ભેળપકોડી ખાધા હશે, ખારીસીંગ ખાધી હશે, નારિયેળ ખાધા હશે. અને કશું નહીં ખાધું હોય ત્યારે એયને બે પગ લાંબા કરીને કેટલીયેવાર સુધી નદી તરફથી આવતી ઠંડી હવાની લહેરો ખાધી હશે. હવે મંદિરનો વિસ્તાર ઘણો નાનો કરી દેવાયો છે. એટલે ખબર નહીં અમારા સન્મિત્રો ત્યાં હશે કે નહીં.

ભરવાડે રોપેલો આસોપાલવ કેટલાય વરસ લગી તો ઊંચો જ થયો નહીં. છસાત વરસે છાતી સમાણો થયો પછી એકદમ એનો વિકાસ વધ્યો. ધીમેધીમે નાનકડા વૃક્ષનો આકાર ધારણ કર્યો.મને યાદ છે એકવાર રસ્તા પરની ગટરોની સફાઈ ચાલતી હતી. એક મજુરે થાકીને બેસવાની જગ્યા શોધી. એને આ આસોપાલવનો છાંયડો બેસવા યોગ્ય લાગ્યો. એક મોટી છત્રી જેટલો પણ એનો છાંયડો નહોતો, છતાં એ પેલા મજુરને જોઈતો આરામ આપી શકેલો.

પછી તો પ્રતિવર્ષ આસોપાલવભાઈ મોટા અને ઊંચા થતા જ રહ્યા અને અમને તથા અસંખ્ય અજાણ્યા લોકોને અને પશુપંખીઓને આશ્રય અને છાંયડો આપી રહ્યા છે.

મને ઉપરવાસ મળ્યો. એટલે આસોપાલવ તથા મને એકબીજાનો અઢળક સહવાસ મળ્યો. ચોવીસ કલાકનો સહવાસ મળ્યો. ઉપરવાસ મળ્યો, સહવાસ મળ્યો એટલે એકબીજાના હૃદય જાણવાનો અંતરવાસ પણ મળ્યો. સવારે જાગું ત્યારથી સૌપ્રથમ મારે એનાં જ દર્શન કરવાનાં થાય છે.પછી તો આખો દિવસ સાથે ને સાથે જ. મને જોઈને એ ખુશ થાય છે એને જોઈને હું ખુશ થાઉં છું. હું બ્રશ કરું, ખુરશીમાં બેઠો બેઠો છાપું વાંચું, કોઈ મેગેઝીન જોતો હોઉં,ચા પીતો હોઉં કે નાસ્તો કરતો હોઉં અરે કોઈવાર તો ખાવા પણ એની પાસે બેસી જાઉં કે નીચે આવેલા કોઈ મિત્ર સાથે વાતચીત કરતો હોઉં એ બધી ઘટનાઓનો એ સાક્ષી.

તૌકિન વાવાઝોડની અસરને કારણે ગાંધીનગરમાં એક આખો દિવસ અને રાત વરસાદ પડ્યો. એમાં ભાઈસાહેબ બરાબરના નહાયા છે. અત્યારે સવારે જોઉં છું તો આખા શરીર પરથી પાણી ખંખેરી નાંખ્યું છે અને સાવ કોરાકટ થઈને ઊભા છે. થોડીવારમાં તડકો નીકળ્યો તો એના પર્ણ સોનાનો વરખ